## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




ડિયર મે તને દીલ તો દીધુ જ છે... તું મારી સાથે મેરેજ કરી લે પછી જરૂર પડે ફેફસું પણ આપીશ...!!

# કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના મકાનમાં તસકરોનો તરખાટ : ૮.૫૧ લાખની ચોરી

ગાંધીનગર, તા.૩

કલોલના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના કલોલ સ્થિત બંધ બંગ્લોઝમાં તસ્કરોએ તરખાટ મચાવી દીધો છે. ધારાસભ્યના ઘરમાંથી ચોર શખ્સોએ સોનાના દાગીના, મોંઘીદાટ ઘડીયાળ, એલઈડી ટીવી સહિત રોકડા રૂ.૨ લાખ લઈ રફુચક્કર થઈ ગયા છે. ધારાસભ્યના ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી તસ્કરોએ રૂ.૮.૫૧ લાખનો હાથ ફેરો કર્યો છે. બનાવ અંગે કલોલ પોલીસને જાણ થતા તાત્કાલીક ઘટના સ્થળે પહોંચી જઈને તપાસ હાથ ધરી હતી. બનાવ અંગે ફરીયાદ નોંધાતા પોલીસે તસ્કરોનું પગેરુ શોધવા માટે ચક્રો ગતિમાન કર્યા હતા.

કલોલ મત વિસ્તારના ધારાસભ્ય બળદેવજી ઠાકોર પોતાના પરિવાર સાથે (કેશરભવન પ્લોટ નં.૧ ભગવતીનગર હાઈ વે માર્ગ પાસે ) રહે છે. જયારે ધારાસભ્ય બળદેવજી ઠાકોર ગાંધીનગર શહેરના સેકટર-૬ સી ખાતે આવેલા નિવાસ સ્થાને રોકાયા હતા. તે દરમિયાન મોડીરાત્રે નિશાચરોએ બંગ્લોઝના મુખ્ય દરવાજાનું તાળુ તોડી અંદર પગ પેસારો કર્યો હતો. બંગ્લોઝમાં અંદર પ્રવેશી ઘરનો તમામ સામાન અસ્ત-વ્યસ્ત કરી દીધો હતો. ધારાસભ્યના ઘરે થી ચોર શખ્સો ત્રણ એલઈડી ટીવી, મોંઘીદાટ બે ઘડીયાળ, સોનાના બે દોરા, રૂ.૨ લાખ રોકડા, સહિત સીસીટીવીનુ ડીવીઆર તેમજ રાઉટર મળી કુલ રૂ.૮.૫૧. લાખની મતાની ચોરી કરી નાસી ગયા હતા. ધારાસભ્યના ઘરે ચોરી થતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. ત્યારે ઉલ્લેખનીય છે કે ધારાસભ્યના મકાનને તસ્કરોએ અગાઉ પણ નિશાન બનાવ્યું હતું. જેમાં હજુ સુધી પોલીસ ચોર શખ્સો સુધી પહોંચી શકી નથી. ત્યારે ધારાસભ્યના ઘરે બીજીવાર ચોરીનો કિસ્સો સામે આવતા પોલીસની કામગીરી સામે પણ સવાલો ઉઠવા પામ્યા છે. તસ્કરોએ ધારાસભ્યના ઘરને નિશાન બનાવ્યાની જાણ થતા જ પોલીસ કાફલો દોડી આવ્યો હતો. બનાવ અંગે ધારાસભ્યના દિકરા રાજેન્દ્રકુમારે કલોલ શહેર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટની મદદથી ચોર ઈસમોને પકડી પાડવા માટે તજવીજ હાથ ધરી છે.



## ખૂણેખાંચરેથી

- રાજયમંત્રી ઈશ્વરભાઈ પરમાર સોમવારે જિલ્લા કલેકટર કચેરીની મુલાકાતે આવશે.
- રાજયની પંચાયત પરિષદની કારોબારી સમિતિની બેઠક ૭મી જુલાઈના રોજ મળશે.
- જિલ્લા લાંચ-રૂશ્વત તકેદારી સમિતિની બેઠક પણ ૭મી જુલાઈના રોજ જિલ્લા કલેકટરના અધ્યક્ષપદે મળશે.
- પૂર્વ ધારાસભ્ય અને સમર્પણ એજ્યુકેશન ટ્રસ્ટના અગ્રણી મહેન્દ્રસિંહ વાઘેલાએ આજે કોરોના વેક્સિનેશનનો સે. ૨ ના અર્બન હેલ્થ સેન્ટર ખાતે બીજો ડોઝ લીધો છે.
- રાજય સરકારે આજે પાંચ સનદી અધિકારીઓની બદલીના હુકમો જારી કર્યા છે.
- ધો. ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓને પણ માસ પ્રમોશન આપવા વિપક્ષી નેતા ધાનાણીએ માંગણી કરી છે.
- જિલ્લા ભાજપ સંગઠનની સંરચના આગામી સપ્તાહમાં થશે તેમ મનાઈ રહ્યું છે.
- યુનાઈટેડ ચેરીટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા આજે સે. ૧ ખાતે આયુર્વેદ, નેચરોપથી અને હોમીયોપેથીનો કેમ્પ યોજવામાં આવ્યો છે.

# ગાંધીનગર મહાનગર બક્ષીપંચ મોરચાના હોદેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૩

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ રૂચીર ભટ્ટ દ્વારા ગાંધીનગર મહાનગર બક્ષીપંચ મોરચાના હોદેદારોની વરણી કરાઈ છે. જેમાં પ્રમુખ તરીકે સુઘડ ગામના મહોતજી ચંદુજી ઠાકોર, ઉપ્રપમુખ તરીકે અરવિંદજી લક્ષ્મણજી ઠાકોર, ખોડાજી ભવાનજી ઠાકોર, મુકેશ ઉપાલા, અને મહેશભાઈ નાથાભાઈ ચૌધરીની વરણી કરાઈ છે. જયારે મહામંત્રી તરીકે અમિત દેસાઈ અને કલ્પેશ સોમાભાઈ બ્રહ્મભટ્ટ, જયારે મંત્રી તરીકે ઈશ્વરજી રણછોડજી ઠાકોર, વિક્રમ ચંદુજી ઠાકોર,વિક્રમ બાબરભાઈ દેસાઈ, ખેમાભાઈ રૂખડભાઈ ભરવાડ, દિનેશભાઈ ગોસ્વામીની નિમણુંક કરાઈ છે. જયારે કોષાધ્યક્ષ તરીકે મહેશભાઈ ડાહ્યાભાઈ રાવળ અને કાર્યાલય (૩૬૯ પ્રથમ માળ ઈન્દીરાનગર સે-૨૪) મંત્રી તરીકે બાબુભાઈ લાલજીભાઈ સોલંકી તેમજ કો.ઓડીટર તરીકે લાભુભાઈ દેસાઈની વરણી કરવામાં આવી છે. આ બક્ષીપંચ મોરચાના સભ્યોની વરણી થતા તમામ કાર્યકરોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે.

# ગાંધીનગર મહાનગર યુવા મોરચા ટીમની જાહેરાત કરાઈ

ગાંધીનગર, તા.૩

ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર મહાનગર ભાજપ પ્રમુખ રૂચીર ભટ્ટ દ્વારા ગાંધીનગર મહાનગર યુવા મોરચાના હોદેદારોની વરણી કરાઈ છે. જેમાં પ્રમુખ તરીકે હર્ષદ નારણભાઈ પટેલ (રહે.ભાટ ), ઉપપ્રમુખ તરીકે મનિષભાઈ પટેલ, ભાર્ગવભાઈ પટેલ, લાભુભાઈ દેસાઈ, રૂષભભાઈ પટેલની વરણી કરાઈ છે. જયારે મહામંત્રી તરીકે જયપાલસિંહ જગદીશસિંહ વાઘેલા અને ઉદયનભાઈ પટેલની નિમણુંક કરાઈ છે. તે ઉપરાંત મંત્રી તરીકે જશવંતસિંહ પરમાર, અનિશ અશોકભાઈ પટેલ, સુરેશભાઈ ઠાકોર, અભયસિંહ વાઘેલા, ધર્મેન્દ્રસિંહ વાઘેલા નિમાયા છે. જયારે કોષાધ્યક્ષ તરીકે દિપક વિનુભાઈ પટેલ, સરગાસણ કાર્યાલય મંત્રી તરીકે અલ્પેશ પટેલ, કો-ઓડીટર તરીકે જયંતિભાઈ શ્રોફની વરણી કરાઈ છે. મહાનગર યુવા મોરચાના હોદેદારોની વરણી થતા સૌ કાર્યકરોમાં ખુશની લ્હરે પ્રસરી ગઈ છે.



છેલ્લા છ માસ જેટલા સમયમાં દિવંગત થયેલા ૫૫૦૦ થી વધુના અસ્થિ સાથે આજે ગાંધીનગરથી અસ્થિકુંભ રવાના થયો છે. સોમવારે સવારે એકાદશીના દિવસે શાસ્ત્રોક્ત-પૂજન અર્ચન બાદ આ અસ્થિઓને ગંગામાં વિસર્જીત કરી દેવામાં આવશે. રૂદ્રભૂમિ, મુક્તિધામ તેમજ દહેગામના અંતિમધામ ખાતે એકત્ર થયેલા અસ્થિઓ લઈ આજે ગાંધીનગરની મહિલાઓ અને ભાઈઓની ટીમ ટ્રેન માર્ગે રવાના થઈ હતી. આ વેળાએ વસાહત મહામંડળના અગ્રણીઓ સર્વ અરૂણભાઈ બુચ, પ્રદીપભાઈ સોલંકી, સુધીરભાઈ, કિશોરભાઈ જીકાદરા, ઉલ્લાસ વોહરા, સુનિલભાઈ સોની સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સેકટર-૧૪ એમઆઈજીના પાર્કિંગમાંથી રીક્ષાની ચોરી

ગાંધીનગર,તા.૩

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રીક્ષા ચોરીના કિસ્સા સતત વધી રહ્યા છે. ત્યારે સેકટર-૧૪ એમઆઈજીના પાર્કિંગમાંથી એક માસ અગાઉ સીએનજી રીક્ષાની ચોરી થઈ છે. રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મહેસાણા જિલ્લાના લક્ષ્મીપુરા ગામે રહેતા ૩૨ વર્ષિય અલ્પેશ મનુભાઈ ચમાર પોતાના પરિવાર સાથે રહીને વર્ષ ૨૦૧૯ મોડલની રીક્ષા નં.જી.જે.૦૨.વાય.વાય.- ૫૯૩૭ ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે.ગત તા.૫-૬-૨૧ ના રોજ અલ્પેશ તેના મામાને લઈ સામાજીક કામે ગાંધીનગર ખાતે માસીના ઘરે આવ્યા હતા.ત્યારબાદ અલ્પેશ રાત્રીના ૮ વાગે લોક મારી રીક્ષા પાર્ક કરી હતી.જયારે સવારે ઉઠીને જોયુ તો રીક્ષા પાર્ક કરેલી જગ્યા પર ન હતી. જેથી રીક્ષાની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરવા છતા મળી આવી ન હતી. અલ્પેશ લોકડાઉનના કારણે રીક્ષાના પાંચ હપ્તા ભરી શક્યો ન હોવાથી ફાઈનાન્સ કંપનીવાળા રીક્ષા લઈ ગયા હશે તેમ સમજી તેને ફાઈનાન્સ કંપનીના ફોન પર વાત કરી હતી તો સામે પક્ષે હીન્દીભાષી વ્યકિતએ પાંચ હપ્તા ન ભરતા રીક્ષા કંપનીના માણશો ખેચી ગયા છે તેમ કહ્યું હતું. જેથી અલ્પેશે હપ્તની રકમ એકઠી કરીને પૈસા ભરવા માટે ફાઈનાન્સની ઓફિસે જતા જાણવા મળ્યું કે રીક્ષા ફાઈનાન્સના કર્મચારીઓ ખેંચી ગયા નથી. પરંતુ કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ ગયો છે. જેથી અલ્પેશ સેકટર-૭ પોલીસ મથકે રૂ.૧.૫૦ લાખની રીક્ષા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ૩૫ લાખની છેતરપિંડી કરી નાસતો ફરતો આરોપી ઝડપાયો

### સેકટર-૨૧ પોલીસે બાઈક પર જતા આરોપીને ખ-૫ પાસેથી પકડી પાડ્યો

ગાંધીનગર, તા.૩

તેલંગાણા રાજયના કરીમનગર જિલ્લાના કેશવપટનમ પોલીસ મથક ખાતે રૂ.૩૫ લાખની છેતરપિંડીના નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપીની માહિતી મળતા ગણતરીના કલાકોમાં સેકટર-૨૧ પોલીસની ટીમે ખ-૫ પાસેથી દબોચી લીધો હતો.



સેકટર-૨૧ પોલીસે આરોપીને પકડી પાડી છેતરપિંડીના ગુના અંગે પુછતા ગંગારામે ચાર માસ અગાઉ હુજરાબાદ ખાતે રહેતા ગાંધી સાહેબ નામની વ્યકિતને રમેશ પ્રજાપતિ (રહે પાલી રાજસ્થાન) ની ઓળખ આપી હતી. મહારાષ્ટ્ર ખાતે મકાનના ખોદકામ દરમિયાન સોનાની બે કિલોની માળા મળી આવી છે. આ સોનાની માળા રૂ.૫૦ લાખમાં વેચવાની છે તેમ કહીને તેઓને રૂ.૩૫ લાખમાં બનાવટી માળા પધરાવી છેતરપિંડી આચરીને વિવિધ સ્થળો પર ગંગારામ નાસતો ફરતો હતો. ત્યારે તાજેતરમાં કરીમનગરના પોલીસ અધિક્ષક દ્વારા ગાંધીનગર પોલીસનો સંપર્ક કરી જણાવ્યું હતું કે કેશવપટનમ પોલીસ મથકના છેતરપિંડીના ગુનાના આરોપી ગંગારામ પીરારામ (રહે.લેદરમેર તા.ભીલમાલ જી જાલોર રાજસ્થાન)નું લોકેશન તમારા પોલીસ મથક વિસ્તારનું છે. જેથી સેકટર-૨૧ પોલીસના સર્વેલન્સની ટીમ તેમજ એલસીબીની ટેકનીકલ ટીમના સંપર્કમાં રહીને મોબાઈલના કરન્ટ લોકેશન સેકટર-૨૫ વિસ્તારનું આવતુ હતું. આરોપીનું સતત લોકેશન મેળવી પોલીસ ટીમના જવાનોએ બે દિવસની સખત મહેનત બાદ ખ-૬ થી ખ-૫ તરફ માર્ગ પર અપાચે બાઈક નં. જી.જે.૧૮.બી.ડી. પાછળ બેસી જતો મળી આવ્યો હતો. પોલીસે તેને કોર્ડન કરી રોકી તેનુ નામ પુછતા તેણે ગંગારામ પીરારામ હોવાનું જણાવ્યું હતું. જેથી પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આજે સે-૧૨માં બલરામ મંદિરે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં છેલ્લાં સાત વર્ષથી ચાલતી પુસ્તક પરબ પ્રવૃત્તિ તાજેતરમાં કોરોના મહામારીની પરિસ્થિતિને કારણે નિયમિત યોજાતી નહોતી પરંતુ શહેરના વાંચન રસિકો ની પ્રિય એવી પુસ્તક પરબ હવે ફરી એકવાર શરૂ થવા જઈ રહી છે.

આ જુલાઈ માસની પુસ્તક પરબ તા. ૪થી જુલાઈ રવિવારના રોજ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમ્યાન શહેરના સેક્ટર-૧૨માં ઉમિયા મંદિર પાસેના બલરામ મંદિરે યોજાશે. આ પરબ કોવિડ-૧૯ની ગાઈડલાઈન અનુસાર સોશીયલ ડિસ્ટન્સ સહિતના નિયમોની પૂર્ણ કાળજી સાથે યોજાશે જેમાં મુલાકાતીઓએ ફરજિયાત માસ્ક પહેરીને આવવા આયોજકોએ અખબારી યાદીમાં જણાવ્યું છે. પુસ્તક પરબ પાસે ઉપલબ્ધ પુસ્તકો - સામયિકો પૈકી મુલાકાતીઓ અગાઉની જેમ જ બે પુસ્તક કે સામયિક વાંચવા લઈ જઈ શકશે. માતૃભાષા અભિયાનના ઉપક્રમે અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી પુસ્તક પરબ ટીમના મિત્રો દ્વારા ગાંધીનગરમાં આ પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. પુસ્તકપ્રેમી વડીલો, વિદ્યાર્થીઓ, બહેનો, ભાવકોને પુસ્તક પરબનો લાભ લેવા આત્મન સંસ્થા દ્વારા જાહેર વિનંતી કરવામાં આવી છે.

# સ્મિત ફાઉન્ડેશને આરટીઈ અંતર્ગત બાળકોને ઓનલાઈન ફોર્મ ભરવા મદદ કરી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરમાં સ્મિત ફાઉન્ડેશન દ્વારા ચરેડી સ્ટેશન, અમદાવાદના ગીરધરનગર, શાહીબાગ અને ઈદગાહ સર્કલના ઝુંપડપટ્ટી વિસ્તાર તેમજ અસારવાની સુવાસ જય મહાકાળી આંગણવાડીના જરૂરિયાતમંદ વર્ગના બાળકોને આરટીઈ એક્ટ-૨૦૦૯ હેઠળ શાળામાં પ્રવેશ માટે ઓનલાઈન ફોર્મ ભરવાની તથા તેમના માતા-પિતાને આ બાબતની પુરી સમજણ આપવા સાથે જરૂરી પુરાવા અંગે માહિતી આપવા ઉપરાંત તેમાં પડતી મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે આરટીઈ એક્ટ-૨૦૦૯ અંતર્ગત સરકારના આદેશ મુજબ દરેક ગરીબ બાળકને ખાનગી શાળામાં ૨૫ ટકા અનામત હેઠળ મફતમાં શિક્ષણ પ્રાપ્ત કરવાનો અધિકાર છે. આ કાર્ય દરમ્યાન સ્મિત ફાઉન્ડેશન દ્વારા બાળકોને જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવી અભ્યાસ કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યાં હતા અને તેમના પ્રયાસો થકી ૧૮૯ બાળકોના ઓનલાઈન ફોર્મ ભરવામાં આવ્યા હતા.

# સે. ૨૮ પ્રેસ છાપરાં વિસ્તારના બાળકોને સરકારી શાળામાં દાખલ કરાવવા પ્રયાસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સોશિયલ એક્ટિવીટી ગૃપ સંચાલિત સોશિયલ એક્ટિવીટી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સે. ૨૮/૧ની સરકારી પ્રાથમિક શાળાના આચાર્ય-શિક્ષક ગણની મદદથી શનિવારના દિવસે પ્રેસ છાપરાં વિસ્તારમાં ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવી પરિવારોના પાંચ વર્ષ સુધીની વયના બાળકોને શાળામાં ધો. ૧ માં દાખલ થવા માટે સમજાવાયા હતા. આ સાથે જે બાળકોએ અધવચ્ચે અભ્યાસ છોડી દીધો છે તેવા બાળકોને પણ ફરી શાળામાં પ્રવેશ મેળવવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સોશિયલ એક્ટિવીટી ગૃપના સભ્યોએ શાળાના આચાર્ય તથા શિક્ષકોની મદદથી છાપરાના બાળકોને તથા તેમના વાલીઓને જીવનમાં શિક્ષણનું મહત્વ સમજાવ્યું હતુ. આ પ્રયાસોના કારણે અનેક બાળકો શિક્ષણ મેળવવા તૈયાર થઈ ગયા હતા અને સાથે કેટલાંક બાળકોના વાલીઓ પોતાના બાળકોને ખાનગીમાંથી સરકારી શાળામાં દાખલ કરવા માટે સંમત થયા હતા.



આ કાર્યક્રમ બાદ બાળકોને અલ્પાહાર કરાવાયો હતો તેમજ સે. ૨૮/૧ની સરકારી શાળાના સંકુલમાં રમતગમતનું મેદાન બને તે માટે આચાર્ય તથા શિક્ષકો સહિત સંસ્થાના સભ્યોએ વિચાર વિમર્શ કર્યો હતો.



# ભાજપના વોર્ડ નં.૩ના ઉપક્રમે સુંદરકાંડ અને વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ભારતીય જનતા પાર્ટી વોર્ડ નં.૩ના ઉપક્રમે આજરોજ સે-૨૮ શોપીંગ સેન્ટર ખાતે કોરોના કાળ દરમિયાન અવસાન પામેલા નાગરિકોની આત્માને શાંતિ મળે તે માટે ભાજપ વોર્ડ નં.૩ના ઉમેદવારો સંજીવ મહેતા, દીપીકાબેન સોલંકી, ભરતભાઈ ગોહીલ અને સોનાલીબેન પટેલ દ્વારા સુંદરકાંડનું આયોજન કરવામાં આવ્યું હતું.

વોર્ડ પ્રમુખ ઉમેશભાઈ જર્સના મુખ્ય મહેમાન પદે યોજાયેલ આ કાર્યક્રમમાં વોર્ડનં. ૩ના નાગરિકોએ વિશાળ સંખ્યામાં ભાગ લીધો હતો. આ કાર્યક્રમના અંતે વૃક્ષારોપણ પણ કરવામાં આવ્યું હતું અને સુંદરકાંડના પ્રસ્તુતકર્તા સીતારામભાઈએ વૃક્ષ ઉછેરની જવાબદારી લીધી હતી. વોર્ડના પૂર્વ પ્રમુખ ધર્મેન્દ્રભાઈ પટેલ, જાણીતા કાર્યકર વેસ્ટર્ન સીડસના એન.પી. પટેલ, કુમારભાઈ, ફુલોના ગરબાવાળા પરેશભાઈ, મોલીનભાઈ સોલંકી અને યુવાનો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી

જાહેર ખબર

દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Indian Institute of Teacher Education
(State Public University of Government of Gujarat)
Near Mahatma Mandir, Kh - Road,
Sector-15, Gandhinagar (Gujarat)- 382016,

RECRUITMENT-2021

IITE invites online applications for various contractual posts. Details are as under.

| Sr.No. | Nature of Post | No. of Post |
|---|---|---|
| 1 | Teaching Posts | 30 |
| 2 | Non teaching Posts | 28 |
| 3 | Ph.D. Facilitation Center | 02 |

Last date for online application-15/07/2021

For Further details and apply online visit our website: www.iite.ac.in

Date : 03/07/2021 Registrar
Place: Gandhinagar
INF/567/21-22

**મહેસુલ વિભાગ**
**ગુજરાત સરકાર**
**સચિવાલય, ગાંધીનગર**

**(જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનઃવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૩ (૨૦૧૩નો ૩૦મો)**

**જિલ્લા: મહેસાણા** તાઃ / /૨૦૧૮

**(૧) ક્રમાંકઃએમ/અમ/૨૦૨૧/૨૦૦/મ-જમહ-૧૭૧૮-૧૮૯૬-ઘ**

આ સાથે અનુસુચિમાં દર્શાવવામાં આવેલ મોજેઃધારપુર તા પાટણની જમીનોની જાહે- હેતુ માટે એટલે કે, સુજલામ - સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલની સાંકળ ૨૦૧.૨૨૦ કિ.મી. પર પસાર થતી કેનાલના કામે સંપાદન કરવા માટે જરૂર પડવાનો સંભવ છે. એવુ ગુજરાત સરકારને જણાય છે.

(૧) તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુનર્વસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ -૨૦૧૩ (૨૦૧૩ નો ૩૦મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તેમ ઉલ્લેખ કરત્મમાં આવેલ છે તે)ની કલમ-૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉક્ત જમીનો ઉપરોકત પ્રોજેક્ટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

(૨) હવે જયારે ઉકત અનુસેચિત જમીનમાં સચિત પ્રોજેકટ માટે જમીન સંપાંદનની દરખાસ્ત-રજુ થયે છે. ત્યારે આ પ્રોજેકટ માટે સંપાદન કરવાની થતી ઉપરોક્ત ઓછામાં ઓછા જમીનનો અનુસુચિ મુજબનો કુલ વિસ્તાર હે.આરે.ચો.મી. ૦-૦૪-૩૧ તે મહેસાણા જિલ્લાની હદમાં આવેલ છે.

(૩) હવે જયારે ઉકત પ્રોજેકટ માટે સદરહુ સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ હે.આરે.ચો.મી. ૦-૦૪-૩૧ જમીનને સદરહુ અધિનિયમના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારીમાંથી મુકિત આપવાનુ રાજય સરકારને જાહેરહીતમાં આવશ્યક જણાય છે.

(૪) તેથી સદરહુ અધિનિયમ કલમ-૧૦(એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પનઃવસવાટ અધિનિયમમાં વ્યાજબી વળતરં અને પારદર્શકતા અધિકાર અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત અધિનિયમ ૧૨ મો) ની કલમ-૩ થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજય સરકાર આથી જાહેર હીતમાં સુજલામ - સુકલામ સ્પ્રેન્ડીંગ કેનાલની સાંકળ ૨૦૧.૨૨૦ કિ.મી. પર પસાર થતી કેનાલના કામ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસુચિમાં સમાવિષ્ટ થયેલ - હે.આરે.ચો.મી. ૦-૦૪-૩૧ જમીનને "સદરહુ અધિનિયમ" ના પ્રકરણ-૨ અને ૩ ની જોગવાઈઓની અમલવારી માંથી મુકિત આપે છે.

અનુસુચિ

જિલ્લો : મહેસાણા તા : મહેસાણા ગામ : ખેરવા

| બ્લોક/સર્વે નંબર | હે.આરે.ચો.મીટર | જે જાહેર હેતુ માટે જરૂરી છે તે જાહેર હેતુ |
|---|---|---|
| ૧૧૮૬ | ૦-૦૪-૩૧ | સુજલામ-સુફલામ સ્પ્રેન્ડીંગ કેનાલની સાંકલ ૨૦૧.૨૨૦ કિ.મી. પસાર થતી કેનાલના કામે કાયમી સંપાદન કરવા બાબત |

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
(એચ. જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ

ક્રમાંકઃનામાનિ/મહે/૧૨૬/૨૦૨૧-૨૨